Thursday
28.08.2025
*Volume :10 * Issue No.48
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત    વંદે માતરમ્    RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-




### મોદી સરકારે સરહદી ગામડાંઓમાંથી સ્થળાંતર રોકવા અને ૧૦૦ ટકા સંતૃપ્તિ પ્રાપ્ત કરવા માટે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ બનાવ્યો છે

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં બે દિવસીય વાઇબ્રન્ટ વિલેજપ્રોગ્રામ (VVP) વર્કશોપમાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કર્યું



## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ લાલ કિલ્લા પરથી કહ્યું છે કે વસ્તી વિષયક પરિવર્તન આપણી ચિંતા છે, સરહદી ગામોના જિલ્લા કલેક્ટરોએ પણ આને પોતાની જવાબદારી સમજવી જોઇએ

- VVP સરહદી ગામડાંઓમાં માળખાગત સુવિધાઓ વિકસાવવા, સંસ્કૃતિનું જતન અને પ્રોત્સાહન આપીને રોજગારીને પ્રોત્સાહન આપી રહ્યું છે
- જિલ્લા કલેક્ટરે સરહદી ગામોમાં ડેરી સહકારી મંડળીઓ બનાવવી જોઈએ જેથી CAPF અને સેનાને દૂધ પૂરું પાડી શકાય
- ઓછામાં ઓછા ૩૦ કિમી ત્રિજ્યા સુધી સરહદો અતિક્રમણથી મુક્ત હોવી જોઈએ
- અરુણાચલમાં VVP ને કારણે સરહદી ગામોમાં વસ્તીમાં વધારો એ તમામ સરહદી ગામો માટે સકારાત્મક સંદેશ છે
- જિલ્લા કલેક્ટરે ખાતરી કરવી જોઈએ કે આપણા નાગરિકો તેમના ગામો છોડીને ન જાય અને ગામડાંઓની વસ્તી પણ વધે
- દરેક ગામમાં હોમ સ્ટે જેવા પ્રયોગોનો વિસ્તાર કરીને અને રાજ્ય સરકાર દ્વારા યોગ્ય બુકિંગ વ્યવસ્થા કરીને, સરહદી ગામોમાં એક પણ ઘર ખાલી નહીં રહે

કમલમ્,

કેન્દ્રીય ગૃહઅને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં ગૃહ મંત્રાલય (MHA) ના બોર્ડર મેનેજમેન્ટ વિભાગ દ્વારા આયોજિત બે દિવસીય વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ (VVP) વર્કશોપના ઉદ્ઘાટન સત્રને મુખ્ય અતિથિ તરીકે સંબોધિત કર્યું હતું. ગૃહમંત્રી શ્રી અમિત શાહે આ પ્રસંગે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામનો લોગો પણ લોન્ચ કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીશ્રી બંદીસંજય કુમાર, ગૃહ સચિવ, ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ના ડિરેક્ટર, સચિવ બોર્ડર મેનેજમેન્ટ, VVP નાપ્રથમઅને બીજા તબક્કામાં સામેલ સરહદી રાજ્યોના મુખ્ય સચિવો, સરહદ રક્ષામાં તૈનાત સુરક્ષા દળોના ડિરેક્ટર જનરલ અને સંબંધિત જિલ્લાઓના જિલ્લા મેજિસ્ટ્રેટ સહિત અનેકમહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમનોવિચાર ત્રણ મુદ્દાઓ પર આધારિત છે, જેમાં સરહદી ગામડાંઓમાંથી સ્થળાંતર અટકાવવા, સરહદી ગામડાંઓના દરેક નાગરિકને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો ૧૦૦% લાભ મળે તેસુનિશ્ચિત કરવા અને VVPમાં ચિહ્નિત ગામડાંઓને સરહદ અને દેશની સુરક્ષા માટેના ઉપકરણ બનાવવાનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું હતું કે, જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમનો વિચાર રજૂ કર્યો ત્યારે તેને તબક્કાવાર અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. દરેક સરહદી ગામને બધી સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે એટલું જ નહીં, પરંતુ સરહદી ગામડાંઓમાં રહેતા દરેક નાગરિકને તેમના વ્યક્તિગત જીવનને સુધારવા માટે ભારત સરકાર અને રાજ્યસરકારનીબધી યોજનાઓથી સજ્જ કરવામાં આવશે. ઉપરાંત, આ ગામડાંઓને દેશ અને સરહદની સુરક્ષા માટે એક મજબૂત સાધન તરીકે વિકસાવવા જોઈએ. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દેશના છેલ્લા ગામડાંને દેશના પ્રથમ ગામનું બિરુદ આપીને સરહદી ગામડાંઓ પ્રત્યે જોવાનો આપણોદ્રષ્ટિકોણ બદલીનાખ્યો છે. શ્રી અમિત શાહે કહ્યું હતું કે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ માટે ઓળખાયેલા દેશના પ્રથમ ગામડાંઓ થોડા વર્ષો પછી આપણા દેશ અને તેની સરહદોના રક્ષણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાધનો સાબિત થશે. તેમણે કહ્યું હતુંકે આ કાર્યક્રમ દ્વારા, બહુ-પરિમાણીય અને બહુ-ક્ષેત્રીય વિકાસના વિઝન સાથે, માળખાગત સુવિધાઓને પ્રોત્સાહન આપવા, સંસ્કૃતિનું જતન અને પ્રોત્સાહન આપવા, પર્યટન દ્વારારોજગારીનું સર્જન કરવાઅને ગ્રામ્ય જીવનને દરેક રીતે જીવંત બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું હતું કે રાજ્ય સરકારોના મુખ્ય સચિવો, ફફમાં સમાવિષ્ટ ગામડાંઓના જિલ્લાકલેક્ટરો અનેતમામ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસદળો (CAPF)ની જવાબદારી છે કે તેઓ પોતાને VVP સુધીમર્યાદિત ન રાખેઅને આકાર્યક્રમના ઉદ્દેશ્યોનેપ્રાપ્ત કરવા માટે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ઉપરાંત અન્ય કયા પગલાં લઈ શકાય તે ધ્યાનમાં લે. તેમણે કહ્યું હતું કે VVPના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે, ભારત સરકારના તમામ વિભાગો અને રાજ્ય સરકારો સાથે મળીને આ સરહદી ગામડાંઓને ખરાઅર્થમાં સુરક્ષાનું મહત્વપૂર્ણ સાધન બનાવે તે જરૂરી છે. શ્રી અમિત શાહે કહ્યું હતું કે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામની વિભાવનાને સાકાર કરવા માટે, સરકારી યોજનાઓની ૧૦૦% સંતૃપ્તિ, પર્યટન માટે જરૂરી જાહેર સુવિધાઓને પ્રોત્સાહન અને સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપીને રોજગાર સર્જન જેવા પગલાં લેવાનીજરૂર છે.તેમણે કહ્યું હતું કે જો સરહદી ગામડાંઓમાં હોમસ્ટેજેવા પ્રયોગો કરવામાં આવે અને રાજ્યોના પ્રવાસન વિભાગો




તેમાં બુકિંગ માટે યોગ્ય વ્યવસ્થા કરે, તો સરહદી ગામડાંઓમાં દરેક ઘરમાં રોજગારી મળશે. શ્રી શાહે કહ્યું હતું કે રાજ્યોના ગ્રામીણ વિકાસવિભાગોએઆ ગામડાંઓનું ગૌરવ સ્થાપિત કરવા માટે પ્રયાસો કરવાપડશેઅનેજિલ્લાકલેક્ટરોની આમાં મહત્વપૂર્ણ ભૂમિકા છે. તેમણે કહ્યું હતું કે જો ગામડાંઓમાં બધી સુવિધાઓ અને રોજગાર ઉપલબ્ધ થશે, તો સ્થાનિક લોકોને ક્યારેય ગામ છોડવાની ઈચ્છા નહીં થાય. ગૃહમંત્રીએ કહ્યું હતું કે યુવા કલેક્ટરોએ ખાતરી કરવીજોઈએ કે પ્રતિકૂળ ભૌગોલિક પરિસ્થિતિઓ હોવા છતાં, આપણા નાગરિકો તેમના ગામડાં ન છોડે, સ્થળાંતર ન થાય અને ગામડાંની વસ્તી પણ વધે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યુંહતું કે અરુણાચલ પ્રદેશમાં વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામલાગુ કર્યા પછી, ઘણા સરહદી ગામડાંઓમાં વસ્તી વધી છે. આ આપણા દેશના તમામ સરહદી ગામડાંઓ માટે એક સંદેશ છે કે વસ્તી વૃદ્ધિનો આપણો ટ્રેન્ડ ફરીથી યોગ્ય માર્ગ પર આગળ વધી રહ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સ્વતંત્રતા દિવસના અવસરે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી કહ્યું હતું કે વસ્તી વિષયક પરિવર્તન આપણા માટે ચિંતાનો વિષય છે. તેમણે કહ્યુંહતું કે વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામમાં સામેલ જિલ્લાઓના કલેક્ટરોએ આ મુદ્દાને ગંભીરતાથી અને બારીકાઈથી જોવો પડશે. સરહદી વિસ્તારોમાંવસ્તી વિષયક પરિવર્તન દેશ અને સરહદોની સુરક્ષાને સીધી અસર કરે છે. ગૃહમંત્રીએ કહ્યુંહતું કે એવું માનવું જોઈએ નહીં કે આ ભૌગોલિક પરિસ્થિતિઓને કારણે થઈ રહ્યું છે, પરંતુ તે ચોક્કસ ડિઝાઇન હેઠળ થઈ





રહ્યું છે. તેમણે કહ્યુંહતુંકે રાજ્યોના મુખ્ય સચિવો અને CAPF એ પણ આ મુદ્દા પર ધ્યાન આપવાની જરૂર છે. શ્રી અમિત શાહે કહ્યું હતું કે યોજનાઓની ૧૦૦ટકા સંતૃપ્તિ માટે, જિલ્લા કલેક્ટરોએ વિચાર કરવો જોઈએ કે શું તેઓ આમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો સાથે સંકલન કરીશકે છે. તેમણેકહ્યુંહતું કે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો આરોગ્ય, રમતગમતઅને શિક્ષણ ક્ષેત્રે મદદ પૂરી પાડી શકે છે. શ્રી શાહે કહ્યું હતું કે અરુણાચલ પ્રદેશમાં, ITBP એ વાઈબ્રન્ટ વિલેજ માંથી જ દૂધ, શાકભાજી, ઈંડા, અનાજ વગેરે જેવી રોજિંદા વસ્તુઓ ખરીદવાનો સફળતાપૂર્વક પ્રયોગ કર્યો છે. તેમણે કહ્યું હતું કે દરેક સરહદી ગામમાં આ પ્રયોગ લાગુ કરવાની જરૂર છે. શ્રી શાહે એમ પણ કહ્યું હતું કે સરહદ પર તૈનાત સેનાએ ગૃહ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલય સાથે સંકલન કરીને ગતિશીલ ગામડાંઓમાં રોજગારીપેદાકરવાની જવાબદારી પણ લેવી જોઈએ. ગૃહ અને સહકારિતામંત્રીએ જણાવ્યુંહતું કે, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને જિલ્લા કલેક્ટરનીજવાબદારી છે કે તેઓ ડેરી સહકારી મંડળીઓ બનાવે અને ગામમાંથીજ CAPF અને સેનાની દૂધની જરૂરિયાતપૂરી કરે. આનાથી રોજગાર સર્જનમાં મદદ મળશે. શ્રી શાહે કહ્યું હતું કે આ પ્રયોગને અસરકારક મોડેલ તરીકે વિકસાવવાનું અને દરેક વાઈબ્રન્ટ ગામમાં તેનો અમલ કરવાનું કાર્ય ગૃહ મંત્રાલય, તમામ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, સેના દ્વારાસંરક્ષણ મંત્રાલય અને જિલ્લા કલેક્ટરોદ્વારા હાથ ધરવામાં આવવું જોઈએ. તેમણે કહ્યું હતું કે રોજગારના સર્જનની સાથે સ્થળાંતર આપમેળે બંધ થઈ જશે. શ્રી અમિત શાહે કહ્યું હતુંકે સરહદી ગામડાંઓમાં ટેલિકોમ્યુનિકેશન, રોડ કનેક્ટિવિટી, શિક્ષણ, આરોગ્ય અને શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા હોવી જોઈએ. તેમણે કહ્યું હતું કે ફફને સરકારી કાર્યક્રમ નહીં પણ વહીવટનો સ્પિરિટ બનાવવો જોઈએ. ગૃહમંત્રીએ કહ્યું હતું કે કાર્યક્રમનો ઉદ્દેશ ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે તે વહીવટનો સ્પિરિટ બનશે. તેમણે કહ્યું હતું કે, મનરેગા હેઠળ કેટલાક નવા તળાવો બનાવવાની, ગાઢ વૃક્ષારોપણ કરવાની અને કાયમી માળખાગત સુવિધાઓના નિર્માણની શક્યતાનેપણ વાઈબ્રન્ટ ગામડાં કાર્યક્રમમાં ધ્યાનમાં લેવા જોઈએ. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું હતું કે વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-૧માં આપણે ફક્ત કાર્યક્રમ પૂરતા મર્યાદિત હતા, પરંતુ વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-૨માં આપણે વહીવટી અભિગમ બદલવાની જરૂર છે. તેમણે સરહદી જિલ્લાઓના કલેક્ટરોને ગેરકાયદેસર ધાર્મિક અતિક્રમણ દૂર કરવા માટે યોગ્ય પગલાં લેવા જણાવ્યું. આ અતિક્રમણ એક ચોક્કસ ડિઝાઇન હેઠળ થઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે સરહદથી ઓછામાં ઓછા ૩૦ કિલોમીટરની ત્રિજ્યામાં તમામ ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરવા જોઈએ. શ્રી શાહે કહ્યું હતું કે ગુજરાતે આ દિશામાં ખૂબ સારું કામ કર્યું છે, ત્યાં દરિયાઈ અને જમીન સરહદ પરથી ઘણું અતિક્રમણદૂર કરવામાંઆવ્યું છે.

